**ક્રિમીનલ કેસ નં. ૨૭૧૩/૨૦૧૭**

**-: આંક -૧ લગત હુકમ :-**

રામોલ પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૨૨૬/૨૦૧૬ થી તારીખ: ૨૬.૧૧. ૨૦૧૬ ના રોજ ઈ.પી.કો કલમ-૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૯ તથા જી. પી. એકટની કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના કામે હાલના આરોપી સામે અત્રેની કોર્ટમાં તા.૧૨.૦૧.૨૦૧૭ ના રોજ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ. જે અત્રેની કોર્ટમાં ક્રિમીનલ કેસ નં.૨૭૧૩/૨૦૧૭ થી નોંધવામાં આવેલ. આ કામે આરોપી હાજર થતાં આરોપીને કેસ પેપર્સની નકલ આપવામાં આવેલ અને તા.૧૫.૦૨.૨૦૧૭ ના રોજ આરોપીની પ્લી લેવામાં આવેલ જેથી સદર કામ પુરાવાના સ્ટેજ પર આવતાં પંચોની જુબાની નોંધવામાં આવેલ છે અને સાહેદ નં.૭ મિતેષભાઈની જુબાની નોંધાયેલ છે, ત્યારબાદ ફરીયાદી અને અન્ય સાહેદોને સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલ, ત્યારબાદ કોરોના વાયરસના કારણે અત્રેની કોર્ટની ફીઝીકલ કામગીરી બંધ થયેલ, ત્યારબાદ કોર્ટની ફીઝીકલ કામગીરી શરૂ થતાં આરોપી મુદતના રોજ હાજર રહેતાં ન હોય, જેથી આરોપી સામે બીનજામીનપાત્ર વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવેલ. જેમાં આજરોજની મુદત તા.૨૪.૦૯.૨૦૨૧ ના રોજ પરત આવેલ વોરંટ પરનો શેરો ધ્યાને લેતાં આરોપી મરણ ગયેલ હોવાનો ઉલ્લેખ છે અને તેની સાથે સિવીલ હોસ્પિટલના મેડીકલ ઓફીસર ના સર્ટીફીકેટની નકલ રજુ થયેલ છે. જેથી આ કામે આંક-૦૯ થી રજુ મેડીકલ સર્ટીફીકેટ ધ્યાને લેતાં તેમાં હાલના આરોપી નિખીલેશ તે રમાકાંત રામચરણ મિશ્રા ના પુત્ર નું તા.૩૧. ૦૮.૨૦૨૧ ના રોજ પી. એમ. નોટ નં.૨૫૧૨/૨૦૨૧ થી અમદાવાદની સિવીલ હોસ્પિટલમાં પોસ્ટ મોર્ટમ થયેલ હોવાનો ઉલ્લેખ છે. જેથી આ કામના આરોપી

મરણ ગયેલ હોય, સદર કેસ આગળ ચલાવવો જરૂરી ન હોય, જેથી સદર કેસ ''એબેટ'' કરવાનો હુકમ કરી ફેંસલ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૪ મી, માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૧ નાં રોજ જાહેર કર્યો.

**તા: ૨૪/૦૯/૨૦૨૧**
**સ્થળ:અમદાવાદ**

**( વિનય ડી. મોઢ )**
**અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં. ૧૦) અમદાવાદ.**